# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૨૦૧ • તા.૧૬ થી ૨૨ એપ્રિલ ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# વિવિધ નગર સંઘોમાં ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ભવ્યભાવથી ધર્મઆરાધનાઓ થઈ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. આ વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનમાં મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થતું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થતી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તે છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુઃખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

– જય જ્ઞાતિમૈયા

# અવસ્થાની ભરતી અને ઓટ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

વધતી ઉંમર અને એનાથી આવતી તકલીફો, બીમારીઓ જે તે વ્યક્તિ સરળતાથી સ્વીકારી શકતો નથી. એટલે આમ સહેલી ભાષામાં કહીએ તો વૃધ્ધત્વ પચાવવું સહેલું નથી. આ અસહાય અવસ્થા સ્વીકારવી સૌને માટે આસાન નથી. આજની દોડધામ ભરેલી જીવનશૈલીમાં યુવાનીના વર્ષો બહુ વેગ ગતિથી સરકી જાય છે અને કેલેન્ડરમાં તારીખના પાના ઝડથી પલટતા જાય છે. અને પ્રૌઢત્વ આંગણે આવીને ઊભું રહી જાય છે. જે કામને માટે આખી જિંદગી દોડ્યાં હોઈએ, જે માટે જિંદગીના સૌથી અગત્યના વર્ષો આપ્યા હોય. પોતાની ઓળખ બંધાઈ હોય એ કામકાજ છોડવું કોઈને ગમતું નથી. શરીર, મન અને મગજ ઘસાયા હોય. વપરાયા હોય ત્યારે એક ઝાટકે પ્રવૃત્તિ અટકાવી નિવૃત્તિ લેવી એટલે અણગમો થાય એવું છે. છતાં જીવનના સમયકાળને સ્વીકાર કરી લેવું જરૂરી છે.

સંતાનો કેળવણી લઈ, કારકીર્દિમાં સેટલ થઈ ગયા હોય. પોત પોતાના જીવન સાથી અને સંતાનો સાથે ઠરીઠામ હોય એટલે પરિવારનું મધ્યબિંદુ, કેન્દ્રબિંદુ હવે પોતે નથી એ ભાવ પર મનોમન હતાશા કરે એવી હોય છે. નવી પેઢીની શૈલી અને વયોવૃધ્ધ પેઢીની જીવનશૈલી, વિચારશૈલી વેગળી રહેવાની. પોતાની સૌ અવગણના કરે છે. કોઈ પૂછતું નથી, કોઈ સાંભળતું નથી એટલે સ્વભાવમાં કડવાશ આવી જાય છે અને બોલચાલમાં કટુતા પ્રવેશે છે. આમાં વડીલોની આજુબાજુ રહેનારને પણ ત્રાસ થઈ જાય છે.

આ પરિસ્થિતિ ન સર્જાય એ માટે સજાગતા રાખવી જોઈએ. મન અને મગજ પર કંટ્રોલ રાખવો જોઈએ. જેથી પરિવારના સભ્યો આપણી વાણી ને વિચાર વ્યક્ત કરવાની રીતભાતથી ઘવાય નહીં. આપણું સ્વમાન આપણા હાથમાં છે. સંતાનોની વિચાર સરણી, વર્તન અને બોલચાલની ઢબ આપણાથી અનેક ગણી વેગળી હોવાની જ. એનો જલદીથી સ્વીકાર કરવો જોઈએ. સમય પરિવર્તનશીલ છે. દરિયા ભરતી અને ઓટ બન્નેમાંથી પસાર થાય છે. એ જ પરિસ્થિતિ આપણા જીવનમાં આવી છે. ભરતી જોઈ અનુભવી હવે ઓટનો સમય પસાર કરવાનો છે. આ પરિસ્થિતિ હતોત્સાહ થવાની નથી. પણ અન્યો ઉપર બોજ રૂપ ન બની એ જોવા જરૂર છે. સ્વસ્થ શરીર સાથે સંતુલિત મગજ અને સંયમ ભરી વાણી અને વિચાર રાખવા જોઈએ. જેથી પરિવારમાં પણ આપણા લીધે શાંતિ ન ડહોળાય.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વિવિધ નગર સંઘોમાં ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ભવ્યભાવથી ધર્મઆરાધનાઓ થઈ

## જિનેશ્વરધામ હૈદ્રાબાદમાં મહાવીર જન્મ કલ્યાણક દિને શોભાયાત્રા યોજાઈ





તા.૧૪ એપ્રિલ ગુરૂવારના શ્રી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વર ધામ હૈદ્રાબાદ સ્થળે મહાવીર પ્રભુજીના જન્મ કલ્યાણક દિવસે ભવ્ય રીતે શોભાયાત્રા યોજાઈ. જેમાં નાના મોટા સૌ ભાવપૂર્વક ઉલ્હાસ આનંદ સંગે જોડાયા હતા અને ઉત્સાહનો માહોલ જમાવ્યો હતો.

## વડોદરામાં શ્રી ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ભવ્ય શોભાયાત્રામાં છાશ વિતરણની સેવા અપાઈ

તા.૧૪ એપ્રિલ ગુરૂવારના દિને ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિવસે શોભા યાત્રાનું ભવ્ય આયોજન થયું હતું. શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરતી નીકળેલી આ શોભાયાત્રામાં જૈન ભાઈ બહેનો ભવ્ય ઉત્સાહભાવથી જોડાયા હતા.

ચૈત્ર માસની કાળઝાળ તાપ અને ગરમીમાં કેડીઓ જૈન સમાજ કેડીઓ યુવા મંચ, કેડીઓ મહિલા મંડળ અને કેડીઓ વડોદરા દ્વારા ઠંડી છાશ વિતરણ માટે સ્ટેજ સ્ટોલ ઊભું કરાયું હતું અને શોભાયાત્રાના ભાવિકોમાં છાશના પેકેટનું વિતરણ કરી તેમને શાતા પહોંચાડી હતી. શીતળ છાશનું પાન કરી તેઓ તૃપ્તિ અનુભવી હતી.




## નલિયામાં મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે રથયાત્રા યોજાઈ

તા.૧૪ એપ્રિલ ગુરૂવારના રોજ કચ્છના અબડાસા વિભાગના નલિયામાં ભગવાન મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે રથયાત્રા ભવ્ય ઉત્સાહભાવથી સમગ્ર નગરના જાહેર માર્ગો પર નીકળી હતી. સંઘના ભાઈ બહેનો ઉમંગથી જોડાયા હતા.



# દેઢિયા ગુણ પાર્શ્વતીર્થે પરમ તીર્થપતિ ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાકની શાનદાર ઉજવણી થઈ





દેઢિયા નગરે ગુણ પાર્શ્વ તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ૩૬ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં સામુદાયીક આયંબિલની ઓળીની આરાધના થઈ રહી છે. તેમાં પરમ તીર્થ પતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ભવ્ય ઉત્સાહ અને હર્ષથી શાનદાર ઉજવણી થઈ.

# સુથરીમાં ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી થઈ




પ.પૂ.સાધ્વીશ્રી મહાયશશ્રીજી મ.સા.ની નિશ્રામાં તથા સ્થાનિક સુથરી મહાજનની હાજરીમાં ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ખુશાલીપૂર્વક ઉજવાયો. માતુશ્રી નવલબેન નરશી નેણસી સોની પરિવાર તરફથી શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ તથા તેમના તરફથી બપોરના સાધર્મિક ભક્તિનો લાભ પણ તે પરિવારે લીધેલ.

આજના પ્રસંગે વિવિધ ચઢાવા લેવાનો લાભ તથા રૂા.૧૦ સંઘ પૂજન માતુશ્રી રમીલાબેન પદમશી વેલજી ધરમશી કચ્છ ગામ સુથરીવાલાએ લીધેલ તથા અન્ય રૂા.૧૦ સંઘપૂજન શ્રી સંઘ તરફથી તથા ખડા સાકરની પ્રભાવના માતુશ્રી નવલબેન લખમશી ખોના તેરાવાલા હાલે ખામગામ તરફથી કરવામાં આવેલ.

# કર્ણાટકના બીજાપુર શહેર સંઘમાં મહાવીર કલ્યાણની હર્ષભાવથી ઉજવણી થઈ

કર્ણાટક રાજ્યના બીજાપુર શહેર સંઘમાં પ.પૂ.સાધ્વી ડૉ. હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં મહાવીર જન્મકલ્યાણકની હર્ષઉલ્લાસ અને ધર્મમય માહોલમાં ઉજવણી થઈ. પૂજ્યશ્રીનું ચાતુર્માસ સાંગલીમાં નિર્ધારીત થયું છે.



# તિરૂપુર મધ્યે શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી ધામધૂમથી થઈ





દક્ષિણ ભારતના ધર્મ નગર તિરૂપુરમાં શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં ભગવાન શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિવસ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ. પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન શ્રી પદ્મવિમલસાગરશ્રીજી મ.સા.ની નિશ્રામાં સવારના ૮.૩૦ વાગે વરઘોડાનું આયોજન કરેલ. વિશેષ રીતે જેમણે આજીવન કંદમૂળનો ત્યાગની બાધા લીધેલ છે. તેમને વરઘોડામાં પ્રભુનું પારણું લેવાનો લાભ મળેલ. જેઓ આજીવન આઈસક્રીમ, કોલ્ડ ડ્રીન્કની બાધા લીધેલ છે તેઓને પ્રભુજી સપના લેવાનો લાભ મળેલ. પ્રભુજીના વરઘોડામાં લેવાનું લાભ શ્રી જૈન બટન હાઉસએ લીધેલ. સાંજના મહાઆરતી શ્રી પ્રભુની ભક્તિ પણ રાખેલ. શ્રી સંઘ તરફથી ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. સંઘમાં રોજ લગભગ ૫૦ થી ૬૦ આયંબિલની ઓળીવાળા તપસ્વી છે.

ભવ્ય વરઘોડામાં એક નોંધ લેવા જેવી વાત આમાં સાથે ચાલનાર પુરૂષ વર્ગની શિસ્તતા જોવા જેવી રહી હતી. જે સૌ કોઈ એનું અનુકરણ કરવા જેવું છે.

# જખૌના રત્નટૂંક જૈન તીર્થે ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી ધર્મભાવ સાથે થઈ






અબડાસા વિભાગમાં જખૌ નગરના શ્રી રત્નટૂંક જૈન તીર્થ તીર્થાધિપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી ધર્મ ભાવ અને ઉલ્હાસ આનંદથી થઈ.

# માટુંગા રેલવે સ્ટેશન પાસે ટ્રેન અકસ્માત સમયે જાગૃત જન પ્રતિનિધિ તરીકે નેહલ અમર શાહ-ખોના તાત્કાલિક સેવા માટે હાજર થઈ ગયા





તા.૧૫ એપ્રિલ શુક્રવાર રાત સમયે ૯.૪૫ કલાકે સેન્ટ્રલ રેલવે લાઈન પરના માટુંગા સ્ટેશન પાસે દાદર પોંડીચેરી એક્સપ્રેસ સાથે સીએસએમટી ગદગ એક્સપ્રેસ એક પાટા ઉપર થઈ જતાં પોંડીચેરી એક્સપ્રેસના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આને લીધે બંન્ને ટ્રેનોના યાત્રાળુઓમાં ગભરાટ વ્યાપી ગયો હતો અને આ બનાવને લીધેલ મધ્ય રેલવે લોકલ ટ્રેનોના વ્યવહાર ઉપર માઠી અસર થઈ હતી અનિયમિત મોડી પડી હતી.

આ અકસ્માતની જાણ થતા જાગૃતિ જન પ્રતિનિધિ તરીકે વડાલા (પૂર્વ)ના પૂર્વનગરસેવિકા નેહલ અમર શાહ-ખોના સાંધવ, દાદર તુરંત માટુંગા સ્ટેશન વપર તેમના સેવાલયના કાર્યકરો સાથે પહોંચી ગયા હતા અને બંન્ને ટ્રેનોના અસરગ્રસ્ત યાત્રાળુઓને હૈયા ધારણા આપી હતી. માટુંગા રેલ્વે સ્ટેશન માસ્ટરની સાથે વ્યવસ્થા જાળવવા મદદરૂપ થયા હતા અને તુરંત સેન્ટ્રલ રેલવેની સેવાઓ કાર્યરત થાય તેવા પ્રયાસ ઉચ્ચ સ્તરે આદર્યા હતા. અત્રે યાદ આપવું રહે કે માટુંગા સેન્ટ્રલ રેલવે સ્ટેશન ઉપરનગરીય સ્ટેશનોમાં એક માત્ર એવું પીંક સ્ટેશનનો દરજ્જો ધરાવે છે. જ્યાં નાનાથી મોટો સ્ટાફ, ટિકીટ વિન્ડો બુકીંગ કર્લક, ટી.સી., સ્ટેશન માસ્ટર, સફાઈ કર્મચારી વિગેરે સર્વે મહિલાઓ સંભાળે છે.

# હૈદ્રાબાદ સિટી સંઘ જિનેશ્વર ધામમાં પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ નિર્ધારિત થયો

શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ (સિટી) જિનેશ્વર ધામમાં ચાતુર્માસ માટે પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણાને અચલગચ્છાધિપતિ શ્રી દ્વારા આજ્ઞાપ્રદાન કરાઈ છે.

# મુલુંડ સંઘને આંગણે વર્ધમાન તપોત્સવ-સ્મૃતિ મહોત્સવ

મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે તા.૧૯ એપ્રિલ મંગળવારથી તા.૨૩ એપ્રિલ શનિવાર સુધી વર્ધમાન તપોત્સવ સ્મૃતિ મહોત્સવનું આયોજન કરાયું છે. શરૂઆત તા.૧૯ એપ્રિલ મંગળવાર સવારના ૯.૧૫ થી સ્નેહની સરિતા સૂકાતી જાય છે. વાત્સલ્યની વીરડી શોષાતી જાય છે ત્યારે આવા સુસંસ્કારલક્ષી કાર્યક્રમ દ્વારા ઘર ઘરની વિષમતાને વાત્સલ્યમાં ફેરવાનો પ્રયાસ કરીએ આ પ્રેમનો પ્રતિસાદ પાડવા પિતા-માતા-પુત્ર-પુત્રવધૂ રૂપ ૫૦ પરિવારો ભાગ લઈ શકશે. આ પરિવારોની સ્નેહસભર સાર્થક પ્રવૃત્તિને સકળ શ્રી સંઘ નિહાળશે. જે પરિવારે આમાં ભાગ લેવો હોય તેમણે સંઘની પેઢીમાં નામ લખાવવા વિનંતી.

પ્રેમનો પ્રતિસાદ કાર્યક્રમને નયને નિહાળવા મનથી માણવા. ગેરેંટી સાથે કહી શકાય કે કાર્યક્રમના પ્રારંભથી અંત સુધી વરસાદ વરશે. તન, મન, નયન ભિંજાશે જ માટે સકળ શ્રી સંઘને સમયસર પધારવા વિનંતી.

।।શાસનદેવી શ્રી ચક્રેશ્વરી માતાય નમઃ।। ।। સુથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।। ।। અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાય નમઃ ।।



# શ્રી સુથરી જૈન સંઘ

## ૧૮૪મી ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે





સસ્નેહ નિમંત્રણ

કાયમી ધ્વજારોહણના લાભાર્થી પરિવાર:

**શ્રી પોપટલાલ સાકરચંદ પરિવાર**

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના ૧૮ અભિષેક કરાવવાનો આદેશ
તા. ૦૬.૦૫.૨૦૨૨ના રોજ શ્રી સુથરી મહાતીર્થે રાત્રી ભાવના દરમ્યાન અપાશે.

૧૮૪મી ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે પધારનાર ભાગ્યશાળી પરિવારોને રેલ્વે સેકન્ડ સ્લીપર ક્લાસ ટીકીટના લાભાર્થી પરિવાર **માતુશ્રી હીરાબાઇ હંશરાજ મોમાયા પરિવાર**

**સર્વે લાભાર્થી પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના !**

| અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો | અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો |
|---|---|---|---|
| પ્રાચિન શ્રી અજિતનાથ દાદા (ગંભારો)<br>શ્રી કારાણી પરિવાર | ૧૧,૦૦૦/- | શ્રી કુંથુનાથજી ૫-દેરી (ગંભારો)<br>સોનથરી (સુથરી)ની નિયાણી પરિવાર | ૧૧,૦૦૦/- |
| નૂતન શ્રી અજિતનાથ દાદા (ગંભારો)<br>શ્રીમતી હેમલત્તાબેન પ્રતાપ શાહ | ૧૧,૦૦૦/- | શ્રી જીરાવલ્લા ચૌમુખજી (ગંભારો)<br>માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા | ૧૧,૦૦૦/- |
| શ્રી આદિનાથ દાદા (ગંભારો)<br>માતુશ્રી હીરાબાઇ હંશરાજ નરશી મોમાયા | ૧૧,૦૦૦/- | શ્રી સહસ્રકૂટ જિનમંદિર<br>સોનથરી (સુથરી)ની નિયાણી પરિવાર | ૫,૦૦૦/- |
| શ્રી શાંતિનાથ દાદા (ગંભારો)<br>માતુશ્રી હીરાબાઇ હંશરાજ નરશી મોમાયા | ૫,૦૦૦/- | શ્રી મહાકાળી દેવી ધ્વજા<br>શ્રી નિશાંતભાઇ મણીલાલ સોની | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મનાથ દાદા (ગંભારો)<br>માતુશ્રી હીરાબાઇ હંશરાજ નરશી મોમાયા | ૫,૦૦૦/- | દાદાવાડી શ્રીપૂંજ ધ્વજા<br>શ્રી કિશોરભાઇ વિશનજી છેડા પરિવાર | ૩,૦૦૦/- |
| શ્રી ચૌમુખજી દાદા (ગંભારો) તથા<br>જ્ઞાનભંડારની ધ્વજા<br>માતુશ્રી કુંવરબાઇ લક્ષ્મીચંદ મણશી ધરમશી | ૫,૦૦૦/- | શ્રી ચક્રેશ્વરી દેવી ધ્વજા<br>માતુશ્રી મહાલક્ષ્મીબાઇ લક્ષ્મીચંદ લોડાયા<br>(નલીયા) | ૫,૦૦૦/- |

## ત્રયાન્હિકા મહોત્સવે સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો

**તા. ૦૬.૦૫.૨૦૨૨**

| નવકારશી રૂા. ૨૦,૦૦૦/- | સાધર્મિક ભક્તિ રૂા. ૩૦,૦૦૦/- | ચૌવિહાર ભોજન રૂા. ૧૫,૦૦૦/- |
|---|---|---|
| સ્વ. શ્રી વિનોદભાઇ રાયચંદ ધરમશી<br>(ઉજ્જૈન)<br>હસ્તે: શ્રી સંજયભાઇ, શ્રી પંકજ ધરમશી,<br>સુપુત્રી પારૂલ રાજેન્દ્ર મોતા | માતુશ્રી ભમલબાઇ પદમશી પૂંજાભાઇ પીર<br>(લોડાયા) સુથરીવાળાના પુત્ર અને પુત્રવધુ<br>અ.સૌ. વીણાબેન વસંતભાઇ પદમશી પીરના<br>૫૦માં લગ્નજીવનની ખુશાલી નિમિત્તે | માતુશ્રી ખેતબાઇ લાલજી ગોવિંદજી સોની<br>(સુથરી) |

**તા. ૦૭.૦૫.૨૦૨૨**

| રૂા. ૨૦,૦૦૦/- | સાધર્મિક ભક્તિ રૂા. ૩૦,૦૦૦/- | ચૌવિહાર ભોજન રૂા. ૧૫,૦૦૦/- |
|---|---|---|
| શ્રી સોનથરી (સુથરી)ની નિયાણી પરિવાર | શ્રી સોનથરી (સુથરી)ની નિયાણી પરિવાર | શ્રી સોનથરી (સુથરી)ની નિયાણી પરિવાર |

**તા. ૦૮.૦૫.૨૦૨૨**

| રૂા. ૨૫,૦૦૦/- | સાધર્મિક ભક્તિ રૂા. ૫૦,૦૦૦/- | ચૌવિહાર ભોજન રૂા. ૧૫,૦૦૦/- |
|---|---|---|
| માતુશ્રી હેમલત્તાબેન પ્રતાપભાઇ ગોવિંદજી<br>શાહ (લોડાયા) સુથરી પરિવાર | અ.સૌ. ભવ્યાબેન ધર્મેશ મોમાયાના<br>વરસીતપના ઉજામણા નિમિત્તે<br>માતુશ્રી હીરાબાઇ હંશરાજ નરશી મોમાયા<br>માતુશ્રી મહાલક્ષ્મીબાઇ લક્ષ્મીચંદ લોડાયા | માતુશ્રી પુષ્પાબેન પુનશીભાઇ લોડાયા<br>(મંજલીયા-સુથરી)<br>હસ્તે: શ્રી ભરતભાઇ લોડાયા |

**બપોરની ચા-પાણી રૂા. ૨,૫૦૦/-**

| શુક્રવાર, તા. ૦૬.૦૫.૨૦૨૨ | શનિવાર, તા. ૦૭.૦૫.૨૦૨૨ | રવિવાર, તા. ૦૮.૦૫.૨૦૨૨ |
|---|---|---|
| સ્વ. હંસાબેન વિજયભાઇ મેઘજી ધુલ્લા<br>હસ્તે: ચૈતાલી તથા હેમાલી | શ્રી સોનથરી (સુથરી)ની નિયાણી પરિવાર | માતુશ્રી લીલાવંતીબાઇ મહેન્દ્ર ટોકરશી<br>નાગડા (નલીયા) |

**શ્રી સુથરી જૈન સંઘ - ટ્રસ્ટીગણ તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યો**

# બીજાપુર સંઘમાં શ્રેયકારી કન્યા સંસ્કાર શિબિરનું આયોજન

સૌમ્ય સ્વભાવી, સંઘ કૌશલ્યાધાટ પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.ની ભાવ નિશ્રામાં કચ્છી ભવન બીજાપુર કર્ણાટકમાં રવિવાર તા.૮ મે થી તા.૧૭ મે મંગળવાર દરમ્યાન શ્રેયસ્કારી કન્યા શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૨ થી ૨૭ વર્ષની દીકરીઓ ભાગ લઈ શકે છે.

શિબિર માટે ઓનલાઈન ફોર્મ ભરવા માટે લિંક https://forms.gle/x9xLccQ1XtigMdWD9 પ્રત્યેક શિબિરાર્થીને ટિકીટના રૂા.૧૦૦૦ શ્રી કચ્છી જૈન સેવા સમાજ બીજાપુર તરફથી આપવામાં આવશે. વર્કશોપ માટે રીપોર્ટીંગ તા.૭ મે. ફોર્મ ભરવાની અંતિમ તા. ૨૫ એપ્રિલ ૨૦૨૨.

વધુ વિગત માટે સંપર્ક ધિરીશભાઈ ધરમશી-૯૮૫૪૩૫૨૩૦૫, પ્રફુલ્લ તેજશી ગોગરી-૯૩૪૧૬૧૦૮૫૫, રાજુભાઈ પ્રેમજી છેડા-૮૬૬૦૬૮૧૦૧૯ દીકરીઓ માટેના નઝરાણાની નજાકતી માણવા, સંસ્કારોનું સિંચન વધારે સુદ્રઢ કરવા, શ્રેયસ્કારી સપનાઓને સાકાર કરવા જીવનના દરેક તબક્કે દરેક ક્ષેત્રે યશકીર્તિ મેળવવા અને દરેક ક્ષણને સૌભાગ્યશાળી કરવા સહુ દીકરીઓને પ્રોત્સાહિત કરીએ. બીજાપુર કચ્છી સમાજના આત્મીય આમંત્રણને અંતરથી વધાવી લઈએ. આ વર્કશોપમાં ભાગ લેવાથી જીવન વધારે સુંદર, કલર ફૂલ અને સફળ થશે એ નક્કી જ છે. તો વધુ રાહ શેની જોવાની.

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતળ છાયામાં શાશ્વતી આયંબિલ ઓળીની ઉજવણી થઈ



કચ્છના અબડાસા પંથકના સાંધવ નગરમાં શ્રી શાંતિનાથ દાદાની શીતળ છાયામાં ભવ્યાતિ ભવ્ય શાશ્વતી આયંબિલ ઓળીની ઉજવણી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગર મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિની શુભ નિશ્રામાં દર્શન પદની આરાધનાના દિવસે બોધિ બીજની પ્રાપ્તિ હેતુ નવપદના નવ અભિષેક અંતર્ગત વિશિષ્ટ મંત્રોચ્ચારપૂર્વક પરમાત્માના મહાઅભિષેક સકળ શ્રી સંઘના હર્ષોલ્લાસપૂર્વક પ્રાર્થના અને સંકલ્પો દ્વારા પરિપૂર્ણ થયા.



# પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૪ ની મલકાપુર સંઘમાં બિરાજમાન છે

વિદર્ભ પ્રાંતના મલકાપુર સંઘ ખાતે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ શાતાપૂર્વક બિરાજમાન છે. પૂજ્યશ્રીની અહીં થોડા દિવસ સ્થિરતા રહેશે. પૂજ્ય સાહેબનું આગામી ચાતુર્માસ યવતમાલ ખાતે છે. પ્રવેશ અષાઢ સુદ ૬ સોમવાર તા.૪ જુલાઈના રોજે થશે.

# પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનું ચાતુર્માસ હૈદ્રાબાદના આંગણે નિર્ધારિત થયું

પ.પૂ.સાધ્વીજી શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનું સંવત ૨૦૭૮ એટલે કે વર્ષ ૨૦૨૨નું ચાતુર્માસની આજ્ઞા આશિષ તેલંગણા રાજ્યના પાટનગર હૈદ્રાબાદના શ્રી ચૈતન્યપુરી અચલગચ્છ જૈન સંઘ માટે મળી છે.

# સંજીવની કેસ નં.૭૦ માટે રૂા.૨.૭૫ લાખની જરૂરત માટેની જાહેર ટહેલ




૩૩ વર્ષીય યશમાલા એ. શાહ ધરમશી, કોઠારા-મહેસાણાની ડાબી આંખ દ્રષ્ટિહીન છે અને જમણી આંખ દૈવ દુર્ભાગ્યે ક્ષતિગ્રસ્ત છે. તેમને સારવાર કાજે મુંબઈ લવાયા છે અને આંખોની તાત્કાલિક સર્જરી માટે એક્ષ્પર્ટ ડોક્ટરોની સલાહ મળી છે.

પરિવારમાં તેમના પતિ કમાવનાર છે. જેઓ જૂના બારદાનની સિલાઈ, રીપેરીંગ અને રીસેલીંગનું મજૂરી કામ કરે છે. યશમાલાબેનનું નથી કોઈ વીમાનો બેકઅપ કે નથી કોઈ બચત. તેમના ઈલાજ ઓપરેશન અને સારવાર માટે રૂા.૨.૭૫ લાખનો અંદાજિત ખર્ચ અપાયો છે. યશમાલા બેનની દ્રષ્ટિ રોશનમય કરવા હવે આપણે સૌએ સાથે પ્રયાસ કરવા પડશે અને તેમના જીવનમાં પુનઃપ્રકાશ પથરાય એ માટે સતત મથવું પડશે. જ્ઞાતિના ઉદારદિલ દાતાઓના સાથથી જેમ આ અગાઉના ૬૯ સંજીવની કેસ સરળતાથી સંપન્ન થયા છે. એજ પ્રમાણે આ વખતનો કેસ નં.૭૦ માટેની જરૂરિયાત ચપટી વગાડતા વેંત પૂરી થઈ જશે એજ આશા છે.

૮૦જી ટેક્ષ બેનીફિટ માટે ડોનરએ પેનકાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્સ મોકલવી જરૂરી છે.

# પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો વિહાર કાર્યક્રમ



પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ આ મુજબ નિર્ધારિત છે. તા.૧૭ એપ્રિલ રવિવાર શીલફાટા, તા.૧૮ એપ્રિલ સોમવાર કલવા, થાણા તા.૧૯ એપ્રિલ મંગળવારથી તા.૨૩ એપ્રિલ શનિવાર સુધી મુલુંડ (વેસ્ટ), તા.૨૪ એપ્રિલ રવિવાર ભાંડુપ, તા.૨૫ એપ્રિલ સોમવાર ઘાટકોપર, તા.૨૭ એપ્રિલ બુધવાર જોગેશ્વરી તથા તા.૨૯ એપ્રિલ શુક્રવાર જોગેશ્વરી (વેસ્ટ).

# ખંડવા નગરે ચૈત્ર મહિનાની શાશ્વતી નવપદજી આયંબિલ ઓળીના દાતા પરિવાર

શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ખંડવા (એમ.પી.) નગરે ચૈત્ર મહિનાની શાશ્વતી નવપદજી આયંબિલ ઓળી તા.૮ એપ્રિલથી તા.૧૬ એપ્રિલ સુધી થઈ. દાતા પરિવાર પ.પૂ.માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા-નલિયા ઈટારસીના પુણ્ય સ્મરણાર્થે પ.પૂ.ગુરૂમૈયા શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રીમતી તરૂલતા વિજયની નવપદજી ઓળીની પૂર્ણાહુતિ તેમજ ચિ.મેઘનાની અષ્ટપદજી ઓળીની પુર્ણાહુતિ નિમિત્તે હસ્તે શ્રી હરીશ શીવજી, લોકેશ વિજય, ચિ.પ્રપૌત્ર હિતાર્થ લોકેશ લોડાયા સમસ્ત પરિવાર ઈટારસી નલિયા. શ્રી સંઘવતી દાતા પરિવારની અનુમોદના વ્યક્ત કરાઈ હતી.

# કચ્છના દેઢિયા સંઘમાં ગુણ પાર્શ્વનાથ તીર્થમાં દીક્ષા મુર્હૂત પ્રદાન થયું



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વારા તા.૧૪ એપ્રિલને ગુરૂવારના દિને કચ્છ ગામ કાંડાગરાના માતુશ્રી સુશીલાબેન શીવજી છેડા ઉ.વ.૭૧ને દીક્ષાનું મુર્હુત પ્રદાન થયું. તેઓ પ.પૂ.સાધ્વીશ્રી કિરણકલાશ્રીજી મ.સા.ના સંસારી માતા થાય. તેઓ પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા.ના ચરણોમાં જીવન સમર્પણ કરશે.

દીક્ષા તા.૨૬ મે ગુરૂવારના ગુણ પાર્શ્વનાથ તીર્થ દેઢિયા કચ્છ મધે ગ્રહણ કરશે. સંવત ૨૦૭૮માં અચલગચ્છમાં આજ સુધી ૧૩ દીક્ષા થઈ અને આ દીક્ષા ૧૪મી થશે.

# ઐતિહાસિક પાટનગર ભુજ શહેરમાં શ્રી કલ્યાણસાગરસૂરિ ચોક નામની તક્તીનું અનાવરણ થયું



તા.૧૪ એપ્રિલ ગુરૂવારના રોજ કચ્છ પ્રદેશના પાટનગર ઐતિહાસિક ભુજ શહેરમાં પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં અને ચતુર્વિધ સંઘની ઉત્સાહિત ઉપસ્થિતિમાં સંઘ પ્રમુખ મહેન્દ્રભાઈના વરદ હસ્તે ૧૦૦૮ યુગપ્રધાન જૈનાચાર્ય દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ ચોકના નામની તકતીનું અનાવરણ ભુજનગર પતિ ઘનશ્યામભાઈ ઠક્કરની ઉપસ્થિતમાં કરાયું.

આજથી લગભગ ૪૦૦ વર્ષ અગાઉ પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા. અચલગચ્છના એક મહાપ્રભાવશાળી આચાર્ય થઈ ગયા. તેમના નામ સાથે યુગપ્રદાન તરીકેનો પણ ઉલ્લેખ થાય છે. તેમના સંયમ જીવન કાળમાં ભુજમાં ઐતિહાસિક ચાતુર્માસ પણ કરેલ.

# સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે જોડાનારા દાતાઓની ઉદારતા સરાહનીય છે




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને નાના પરિવારોને માટે આધારરૂપ યોજના સંજીવની નામ પ્રમાણે ગુણદાયક છે. પરિવારના સભ્યની આકસ્મિક બીમારીને કારણે મસમોટા મેડિકલ ખર્ચના બીલ સામે બચાવ કરે છે.

મેડિકલ સમિતિની લાખેણી યોજનામાં રૂા.૫૧ હજારનું અમૂલ્ય યોગદાન આપી **કુમાર ધવલ મયૂર લોડાયા**ના જન્મદિવસને સ્મૃતિમય રીતે યાદગાર બનાવ્યું માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર મોટી ખાવડી-ઘાટકોપર.

# સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે જોડાનારા દાતાઓની ઉદારતા સરાહનીય છે

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## શ્રીમતી રેખાબેન વીરેન્દ્ર શાહ (લોડાયા)

વરાડીયા - જુહુ

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

એ જ ઉમદા ભાવને આગળ વધારતા **શ્રીમતી રેખાબેન વીરેન્દ્ર શાહ-લોડાયા,** વરાડિયા-જુહુ એ પણ રૂ.૫૧ હજારનું અનુદાન નોંધાવ્યું અને સુવર્ણ પેટ્રન તરીકે નામાંકિત થયાં છે.

# સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે જોડાનારા દાતાઓની ઉદારતા સરાહનીય છે

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**શ્રીમતી દીનાબેન જનક દૌલત**

સુથરી - USA: Dallas, Texas

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

તો સુથરી હાલે ડેલ્લાસ ટેક્ષાસ યુએસએના **શ્રીમતી દીનાબેન જનક દૌલત** એ પણ ઉદાર ભાવથી રૂા.૫૧ હજારની રકમ નોંધાવી સુવર્ણ સંજીવની પેટ્રન તરીકે જોડાયા છે.

ઉપરોક્ત ત્રણે દાતાઓ વિશાળ ભાવ ઉદારતા અને દિલેરીથી નાના અને નબળી સ્થિતિના જ્ઞાતિજનોનું દર્દ પોતાનું સમજીને, અનુભવીને માનવીય અભિગમનો શિખર રોહણ કર્યું છે. તેમના કાર્યને ભાવનાને લાખ લાખ વંદન સાથે આભાર પ્રકટ કરીએ છીએ.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો આગામી વિહાર કાર્યક્રમની જાણકારી

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. દેઢિયા સમેતશિખરાવતાર શ્રી ગુણપાર્શ્વનાથ જૈન તીર્થ મધ્યે આયંબિલ ઓળી બાદનો સંભવિત વિહાર કાર્યક્રમ ચૈત્ર વદ ૨ તા.૧૮ એપ્રિલ સોમવાર કોટડી મહાદેવ પુરી, તા.૧૯ એપ્રિલ મંગળવાર મકડા, ચૈત્ર સુદ ૪/૫ તા.૨૦ તથા ૨૧ એપ્રિલ બુધવાર-ગુરૂવાર કોટડા રોહા જિનાલય ધ્વજા અને વડી દીક્ષા, તા.૨૨ એપ્રિલ શુક્રવાર મોથાળા કણપીઠ મુર્હત, ચૈત્રવદ ૮ તા.૨૩ એપ્રિલ શનિવાર નરેડી. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૮૫મી દીક્ષાતિથિની ઉજવણી, ચૈત્રવદ ૯ તા.૨૪ એપ્રિલ રવિવાર દેવપુર બધુશાંતિ સ્નાત્ર પૂજન, તા.૨૫ એપ્રિલ સોમવાર ગઢશીશા, ચૈત્રવદ ૧૧ તા.૨૬ એપ્રિલ મંગળવાર શેરડી, ચૈત્રવદ ૧૨ તા.૨૭ એપ્રિલ બુધવાર ડોણ, તા.૨૭ એપ્રિલ સાંજે ગોધરા, ચૈત્ર વદ ૧૩ તા.૨૮ એપ્રિલ ગુરૂવાર નેમિનાથ અંબેધામ ધ્વજા. ચૈત્રવદ ૧૪ તા.૨૯ એપ્રિલ શુક્રવાર ચૈત્રવદ અમાવસ્યા તા.૩૦ એપ્રિલ શનિવાર શિવમસ્તુ તીર્થ, વૈશાખ સુદ ૧ તા.૧મે રવિવાર નવાવાસ, વૈશાખ સુદ ૨ થી ૭ તા.૨ મે સોમવારથી તા.૭ મે શનિવાર ૭૨ જિનાલય તીર્થ, વૈશાખ સુદ ૭ તા. ૭ મે શનિવાર સાંજે ૪ કલાકે કોડાય, વૈશાખ સુદ ૮ રવિવાર તા.૮ મે કોડાય, સદાગમ જ્ઞાનમંદિર ખાત મુર્હત, વૈશાખ સુદ ૯ તા.૯ મે સોમવાર ગુણપાર્શ્વતીર્થ ધ્વજા, વૈશાખ સુદ ૧૦ તા.૧૦ મે મંગળવાર, વૈશાખ ૧૧ તા.૧૧ મે બુધવાર, વૈશાખ સુદ ૧૨ તા. ૧૨ મે ગુરૂવાર, વૈશાખ સુદ ૧૩ તા.૧૩ મે શુક્રવાર કાંડાગરા, વૈશાખ સુદ ૧૪ તા.૧૪ મે શનિવાર, વૈશાખ સુદ પુનમ તા.૧૫ મે રવિવાર મોટા આસંબિયા ધ્વજા, વૈશાખ વદ ૧ તા.૧૬ મે સોમવાર, તા.૧૭ મે મંગળવાર, વૈશાખ વદ ૩ તા.૧૮ મે બુધવાર ખારૂઆ મહાજનવાડી ઉદ્‌ઘાટન, વૈશાખ વદ ૪ તા.૧૯ મે ગુરૂવાર, વૈશાખ વદ ૫ તા.૨૦ મે શુક્રવાર નાના રતાડિયા ગુરૂમંદિર પ્રતિષ્ઠા, વૈશાખ વદ ૬ તા.૨૧ મે શનિવાર નાગ્રેચા અને ભોજાય, વૈશાખ વદ ૭ તા.૨૨ મે રવિવાર વૈશાખ વદ ૮ થી ૧૨ તા.૨૩ મે સોમવારથી તા. ૨૭ મે શુક્રવાર દઢિયા શ્રી ગુણ પાર્શ્વનાથ તીર્થ. વિશેષ સંજોગોમાં કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે. દરેક સંઘો, મહાજનો એ સંપર્ક કરી કાર્યક્રમો ગોઠવવા સંપર્ક અજય-૮૬૯૦૦૮૮૦૩૮, રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦.

# શ્રી ગુણ પુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રાનો ઉત્સાહભાવથી પ્રારંભ થયો

તા.૧૦ એપ્રિલ રવિવારના વહેલી સવારે પ.પૂ. મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા. અને ૯૯ યાત્રાના પ્રેરિકા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં ૯૯ યાત્રાનો શુભ પ્રારંભ થયો. ત્યારે ૯૯ યાત્રા કરવાનો કન્યાના હૈયામાં આનંદ સમાતો ન હતો.





# વડોદરા સંઘમાં આયંબિલ કરવા પધાર્યા વડોદરા DCP પન્નાબેન મોમાયા

તા.૧૩ એપ્રિલ બુધવારના દિવસે વડોદરા કે.ડી.ઓ.સંઘમાં આયંબિલ કરવા કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના ગૌરવ રત્ન એવા DCP પન્નાબેન મોમાયા પધારેલ હતા. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ દંડની ઉપસ્થિતિમાં સંઘના પદાધિકારીઓએ પન્નાબેન મોમાયાનું પ્રતિક ભેટ આપી સ્વાગત સહ બહુમાન કરવાની તક ઝડપી લીધી હતી.



# સુથરી તીર્થના મૂળનાયક દાદાની અદ્‌ભૂત શણગાર સાથે આંગી કરાઈ

તા.૧૩ એપ્રિલ બુધવારના સુથરી તીર્થ જિનાલયમાં મૂળનાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની આંગી કરાઈ હતી. અદ્‌ભૂત, આકર્ષક શણગાર આંગીનો લાભ લેનાર દાતા કીર્તિભાઈ ધનજીભાઈ ધરમશી સુથરી બેંગલુરૂવાલા હતા. ખુબ ખુબ અનુમોદના સહઆભાર.

# માટુંગા સંઘમાં કલિકુંડ પાર્શ્વનાથ જિનાલય સાંતાક્રુઝની શિલાઓનું પૂજન કરી ભાવથી વધામણા કરાયા





તા.૧૩ એપ્રિલ બપોરે ૧૨.૩૯ વિજયમુહૂર્તે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલયના શિલાઓનું શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘમાં આગમન થયું ત્યારે સંઘમાં બિરાજમાન પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની નિશ્રામાં આરાધકો એ ખૂબ જ ઉત્સાહપૂર્વક શિલારથને વધાવી લીધો.

તેમજ સ્થાનિક માજી કોર્પોરેટર શ્રીમતી નેહલ અમર શાહ-ખોના, સાંઘવ-દાદર આ પ્રસંગે પધારી ઉમંગ ઉત્સાહમાં વધારો કર્યો હતો અને રથયાત્રામાં સાથે આવેલ કાર્યકર્તાઓનું તેમના હસ્તે બહુમાન કરવામાં આવેલ.

# મનોહર માંડવી નગરે ગણિવર્યાદિ ગુરૂદેવોનો ચાતુર્માસ પ્રવેશ તા.૯ જુલાઈ રોજ

કચ્છ પ્રદેશના મનમોહક માંડવી બંદરે શ્રી શાંતિનાથ દરબારે શ્રી માંડવી અચલગચ્છ જૈન સંઘના પ્રાંગણે શાસન સમ્રાટ ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના સમુદાય વતી તપચક્ર જિનશાસન શિરોમણિ સુદીર્ઘ ૫૪ વર્ષી તપારાધાક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની અલૌકિક પાત્ર સાહિત્યરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાએ મંત્ર વિશારદ જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન ગુણોદય તીર્થધામ સોનગઢ ગુણોદય પુરમ પાલીતાણા તીર્થ પ્રેરક સદાનંદી પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાનું ચાતુર્માસ સંપ્રાપ્ત થયેલ છે.

પૂજ્ય ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ તા.૯ જુલાઈ શનિવાર અષાઢ સુદ ૧૧ના રોજ સવારે શુભ મુહૂર્તે કરવામાં આવશે.

# ઐતિહાસિક તેરા તીર્થે શ્રી સિધ્ધચક્ર મહાપૂજનની ધર્મ આરાધનો કરાઈ

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી સિધ્ધચક્ર મહાપૂજન વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાલાના સથવારે ભણાવાયું.

# શ્રી વારાપધ્ધર નગરે શ્રી આદિનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણ પર્વ આરાધના કરવા પધારાવવા માટે આમંત્રણ

અબડાસાની નૂતન પંચતીર્થીના વારાપધ્ધર તીર્થે પર્યુષણ મહાપર્વની આરાધના કરવા માદરે વતન પધારવા શ્રી વારાપધ્ધર ક.દ.ઓ.જૈન મહાજન દ્વારા શ્રી આદિનાથ દાદાની છત્રછાયામાં યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયા Ph.d.ના સંગાથે સર્વે ગામવાસી તેમજ નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

મુંબઈથી શુભ પ્રસ્થાન તા.૨૨ ઓગસ્ટ સોમવાર સયાજીનગરી એક્સપ્રેસ, પરત ભુજથી તા.૨ સપ્ટેમ્બર શુક્રવાર કચ્છ એક્સપ્રેસ દ્વારા મુંબઈ વારાપધ્ધર મુંબઈનો ચાર્જ વ્યક્તિ દીઠ રૂા.૧૫૦૦/- નોન રીફંડેબલ. પર્યુષણ મહાપર્વની સંગીતમય ધર્મ આરાધના કરાવનાર લાભાર્થી પરિવાર સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા પરિવાર.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના તા.૨૪ ઓગસ્ટ બુધવારથી તા.૧ સપ્ટેમ્બર ગુરૂવાર દરમ્યાન ઉલ્લાસભેર ઉજવવામાં આવશે. મહાપર્વના દિવસો દરમ્યાન સાધર્મિક ભક્તિ શ્રી મહાજનના રસોડે રહેશે. સ્થાનિકે ઉતારાની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા સમૂહમાં કરવામાં આવશે. જે કોઈ સ્થાનિકે પધારવાના હોય તેમણે અગાઉથી જાણ કરવા વિનંતી. જેથી રસોડાની તથા ઉતારાની વ્યવસ્થા સુચારૂ રૂપે કરી શકાય. નામ નોંધાવવાની અંતિમ તા.૨૦ એપ્રિલ ૨૦૨૨.

પર્વાધિરાજ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ તથા અન્ય નકરાઓમાં લાભ સવાયો લેવા નમ્ર વિનંતી. • સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ રૂા.૧૬૦૦૦/- (બીજ/છઠ તિથિ રૂા.૨૦,૦૦૦) • મધ્યાહન ભોજન રૂા.૭૦૦૦/- (બીજ/છઠ તિથિ રૂા.૯૦૦૦) • ચૌવિહાર રૂા.૫૦૦૦/- (બીજ/છઠ તિથિ રૂા.૬૦૦૦/-) • શ્રી સંઘ પૂજન ૧ આની રૂા.૧૦૦૦/- • બપોરની ચા રૂા.૧૫૦૦/- • શ્રી ભકતામર લક્કી ડ્રો રૂા.૧૫૦૦/- • પ્રભાવના ફંડ રૂા.૨૫૦૦/-.

માદરે વતન વારાપધ્ધર ગામમાં કાયમી ભોજન શાળાની વ્યવસ્થા છે. જેમાં ગામમાં રહેતા વડીલો આદિને રોજ ભોજન વ્યવસ્થા થઈ શકે તેમજ ગામમાં પધારતા ગુરૂ ભગવંતો માટે પણ ગોચરી પાણીની વ્યવસ્થા થઈ શકે. જેનો નકરો રૂા.૧૦ હજાર પ્રતિ વર્ષના. છેલ્લાં કેટલાક વર્ષોથી કાર્યરત એવી શૈક્ષણિક તથા વૈદકીય સહાય યોજના અંતગર્ત આપણા ગામના જરૂરિયાતમંદ પરિવારોને શિક્ષણાર્થે તેમજ મેડિકલ સહાય અર્થે અનુદાન આપવામાં આવે છે. જેનો નકરો રૂા.૧૦ હજાર પ્રતિ વર્ષના. નોંધ શૈક્ષણિક ફોર્મ, વૈદકીય સહાયના ફોર્મ કાર્યકર્તાઓ પાસેથી મળી શકશે.

શ્રી વારાપધ્ધર ક.દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટીઓ શ્રી નયન ભેદા, શ્રી ચેતન મોતા, શ્રી રાજેશ છેડા, શ્રી ભરત વિકમશી, શ્રી ધિરેન લોડાયા, શ્રી અરવિંદ લોડાયા, શ્રી મહેશ લાલકા.

શ્રી વારાપધ્ધર જૈન યુવક મંડળના પદાધિકારીઓ પ્રમુખશ્રી ચેતન ભેદા, ઉપપ્રમુખોશ્રી પ્રફુલ્લ નાગડા, સહ ઉપપ્રમુખશ્રી જયેશ લાલકા, માનદ્મંત્રી શ્રી ભદ્રેશ છેડા, સહમાનદ્ મંત્રી શ્રી નીતેશ લોડાયા, ખજાનચી શ્રી ચેતન લોડાયા, સહ ખજાનચી દેવેશ લાલકા, સ્થાનિક માનદ્મંત્રી શ્રી ભૂપેન્દ્ર લોડાયા, સમિતિ સભ્યોશ્રી જીતેન વિકમશી, શ્રી નીલેશ મૈશેરી, શ્રી અભય લાલકા, શ્રી ભૂપેન્દ્ર વિકમશી, શ્રી ભરત લોડાયા. સંપર્ક નીતેશ લોડાયા-૯૩૨૩૯૯૩૨૮૨, દેવેશ લાલકા-૯૩૨૩૮૩૮૩૮૭, નિલેશ મૈશેરી-૯૮૧૯૮૧૨૭૮૫ તથા ભૂપેન્દ્ર લોડાયા-૯૪૨૬૯૨૧૯૧૨

---

# માટુંગા સંઘમાં ગણિવર્યશ્રી મ.સા.ની તા.૨ મે સુધીની સ્થિરતા

ધ્યાનયોગી ગુરૂદેવ ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.એવમ યુવામુનિ, ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા તા. ૮ એપ્રિલથી તા.૨ મે સુધી ૨૫ દિવસની સ્થિરતા શ્રી માટુંગા સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિરમાં છે. ગુરૂદેવના દર્શન વંદનનો લાભ લઈ જીવનને ધન્ય બનાવવાની તક ભક્તો લે એ વિનંતી.

---

# સાંગલી સંઘમાં ચાતુર્માસ માટે પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ને આજ્ઞાપ્રદાન થઈ

મહારાષ્ટ્રના સાંગલી સંઘમાં આ વર્ષના ચાતુર્માસ માટે પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ આજ્ઞા શિષ્ય પ્રદાન કરી છે.

## ૬ઠ્ઠી મેના દિને ચાલો ૭૨ જિનાલય તીર્થેનો નાદ સર્વેત્ર ગુંજી રહ્યો છે

અચલગચ્છાધિપતિ ગુરૂવર્યો શ્રીમદ ગુણસાગરસૂરિ, શ્રીમદ ગુણોદયસાગરસૂરિ મહારાજની જે પ્રેરણાભૂમિ, સમાધિભૂમિ. અચલગચ્છાધિપતિ સૂરિવર્ય શ્રીમદ કલાપ્રભસાગરસૂરિ મહારાજના જે તીર્થભૂમિની ઉન્નતિમાં ઉપદેશ ધારા અને અમી આશીષની વર્ષા સાથે પરમ પાવન નિશ્રા હશે. તીર્થની ૨૬મી સાલગિરાહ, અખાત્રીજ પારણા અને મુનિવરોના પદપ્રદાનના ભવ્યાતિ ભવ્ય પંચાહિન્કા મહોત્સવનો અનેરો માહોલ હશે.

પૂજ્ય પૂર્ણ ભદ્ર, પુણ્યોદય, મલયસાગરજી મ.સા. આદિ ત્રણ ત્રણ મહાત્માઓની પદવીનો રૂડો, અનુમોદનીય, આનંદદાયી પ્રસંગ માણવાનો મોંઘેરા મોકો હશે. ગરમી, તાપ કે ઉકળાટની જરાય ચિંતા કર્યા વગર શાતાકારી મંડપોની સુવિધા સાથે અનુકુળ ભોજનની ઉછળતા ભાવની સાધર્મિક ભક્તિ હશે. પદપ્રદાન તા.૬ઠી મે અને તા.૩ થી ૭મે દરમ્યાન મહોત્સવના લહાવો લેવા જરૂર પધારો... પધારો... પધારો. ચાલો કચ્છના પુણ્યભૂમિ ૭૨ જિનાલય તીર્થે.

## ડોંબિવલી સંઘના આંગણે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલયની શીલાઓને વધામણા કરાયા





શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીની આંગણે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલય સાંતાક્રુઝની શિલાઓનું રથ, ડોંબિવલી નગરીમાં આગમન તા.૧૧ એપ્રિલ સોમવારના સવારે શ્રી સુવિધિનાથ જિનાલયે અને શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખ જિનાલય કોપર રોડ સ્થિત શ્રી સંઘ વાસીઓએ ખૂબજ હર્ષ ઉલ્હાસભાવથી વધામણાં કર્યા.

સંપૂર્ણ જિનાલયના મૂળભૂત આધાર શિલાઓ પર શ્રી સંઘના આશીર્વાદ લઈને એના પરિણામ સ્વરૂપ સમસ્ત અચલગચ્છીય સંઘોમાં શિલારથ યાત્રાના દર્શન લાભ મળ્યો. આ સુંદર ધર્મમય આયોજન માટે ખૂબ અનુમોદના.

## તિરૂપુરના શ્રી સુવિધિનાથ જિનાલયમાં ત્રિદિવસીય મહામંગલકારી પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી પ્રારંભ થયો



દક્ષિણ ભારતના કોટન સિટી કહેવાતા તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ જિનાલયનો ત્રિદિવસીય મહામંગલકારી પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ.આચાર્યશ્રી વિમલસાગરસૂરીશ્વરજી મ.સા.ના પરમ શિષ્ય અનેક આત્માઓના કલ્યાણમિત્ર, પ્રવચન કુશલ સરલમના પરમ પૂજ્ય ગણિવર્ય શ્રી પદ્મવિમલસાગરજી મ.સા. અને પૂજ્યસાહેબના શિષ્ય પૂજ્ય મુનિશ્રી નિંગ્રન્થવિમલસાગરજી મ.સા.ના પાવન સાંનિધ્ય નિશ્રામાં પ્રારંભ થયો.

પ્રથમ દિવસે તા.૮ એપ્રિલ શુક્રવાર દિને કુંભ સ્થાપના, દીપસ્થાપના, ક્ષેત્રપાલ સ્થાપના અને ભગવાના પોખણા.

દ્વિતીય દિવસ તા.૯ એપ્રિલ શનિવાર રોજે નવગ્રહ પાટલા પૂજન, દસ દિકપાલ અષ્ટમંગલ પાટલા પૂજન વિગેરે ભવ્ય ધર્મભાવથી થયા.

# ગિરનાર તીર્થે ૯૯ યાત્રાના પ્રથમ દિને સંધ્યાભક્તિ આરાધના સુંદર રીતે કરાઈ





પુણ્ય ગુણ કન્યા ૯૯ યાત્રા ગિરનાર તીર્થમાં પૂજ્યોની નિશ્રામાં તા.૧૦ એપ્રિલ રવિવારના પ્રથમ દિને ભાવિક શાહના સંગાથે સંધ્યાભક્તિ સુંદર રીતે થઈ. કાળઝાળ ગરમીમાં કન્યાઓ પણ સાનંદપૂર્વક યાત્રામાં દરેક આરાધનાઓ સુંદર રીતે કરી રહેલ છે.

# શ્રી કલિકુંડ શિલારથને GVC સંઘ ઘાટકોપરમાં વધામણા કરાયા





શ્રી કલિકુંડ શિલારથ ઘાટકોપરમાં GVC સંઘ કેડીઓ અનંતનાથ જિનાલયને આંગણે પધારતા આરાધકો ભાવપૂર્વક વધામણા કર્યા હતા.

# સાંતાક્રુઝ શ્રી કલિકુંડ શિલારથ કાંજુરમાર્ગ સંઘમાં પધરામણી કરી





સાંતાક્રુઝના શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલયની શિલાઓનો રથ કાંજુરમાર્ગ જૈન સંઘ શ્રી વિમલનાથ ભગવાન જિનાલયના આંગણે પધારતા સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ભાવપૂર્વ પૂજન કરી હરખભેર વધામણાં કર્યા હતા.

# સાંધવ નગરે આચાર્ય પદની વિશિષ્ટ આરાધના કરી આચાર્ય પદ વધામણાં કરાયા

પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગર મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં અબડાસા પ્રદેશના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં આચાર્ય પદની વિશિષ્ટ આરાધના કરાઈ તેમજ આચાર્ય પદના વધામણાં કરાયા.

# તિરૂપુરના શ્રી સુવિધિનાથ જિનાલયમાં શ્રીનેમિનાથ પ્રભુ અને શ્રી મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા કરાઈ



તા.૧૦ એપ્રિલ રવિવારના દિને દક્ષિણ ભારત પ્રદેશના તિરૂપુર નગરે ત્રિદિવસીય મહોત્સવના અંતિમ દિને પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય પ.પૂ.શ્રી પદ્મવિજય મ.સા.ના વરદ હસ્તે શ્રી સુવિધિનાથ જિનાલય શ્રી નેમિનાથ પ્રભુ અને શ્રી મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા ધર્મભાવપૂર્વક કરાઈ.

ટ્રસ્ટી દીપક છેડા, રતિલાલ વેરશી નાગડા, પ્રતાપ હંસરાજ નાગડા, રાજીવ મોમાયા, નમે કાનુગો (પારસમલ કાનુગો) વિગેરે એ સમગ્ર વ્યવસ્થા આયોજન સંભાળી હતી. શોર્ટ પિરીયડમાં પ્રોગ્રામનું આયોજન કરાયું હોવા છતાં આયોજન અદ્ભૂત સફળ રીતે સંપન્ન થયું હતું. વિધિકાર બિપિનભાઈએ પૂજા વિધિ કરાવી હતી. બેંગલુરૂથી સંગીત પાર્ટી પધારી પફોર્મ કર્યું હતું.

તા.૧૧ એપ્રિલ સોમવાર દ્વાર ઉદ્‌ઘાટનના લાભાર્થી પરિવાર ધનરાજ નાનેશા અને પ્રથમ પક્ષાલ પૂજાના લાભાર્થી જૈન બટન હાઉસ પરિવાર રહ્યાં હતા.

# ગિરનાર મહાતીર્થે કચ્છી ભવનમાં પૂજ્ય મુનિરાજ આદિ સાધુ સાધ્વીજી ભગવંતોનો ભવ્ય પ્રવેશ થયો





ગિરનાર મહાતીર્થની ગોદમાં કચ્છી ભવનના આંગણે પુણ્ય ગુણ કન્યા ૯૯ યાત્રાના નિશ્રાદાતા પ.પૂ.મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોનો ભવ્ય પ્રવેશ કચ્છી ભવનના આંગણે થયો અને ગિરનાર તીર્થ માટે આજીવન આયંબિલ તપ કરનાર પ.પૂ.આ.ભ.શ્રી હેમવલ્લભસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રા અને આશિષ પ્રાપ્ત થયા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કમલેશ લોડાયા**
તા.૩૧ માર્ચ (ઉ.૫૯)
રાપરગઢવારી-અહમદનગર



**વેલબાઈ દંડ**
તા.૨ એપ્રિલ (ઉ.૮૩)
નાની ખાવડી-ડોંબિવલી



**મુરબાઈ મોતા**
તા.૧૦ એપ્રિલ (ઉ.૭૭)
જસાપર-તેરા



**જ્યોતિ ગોસર**
તા.૧૩ એપ્રિલ (ઉ.૬૩)
ગોએરસમા-વિરાર



**જમકુબાઈ નાગડા**
તા.૧૪ એપ્રિલ (ઉ.૮૯)
તેરા-માટુંગા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● કચ્છમાં રેલવે માળખું નવા ક્લેવર ધારણ કરશે એવા પ્રયત્ન શરૂ થયા છે. મુંદરા અને કંડલા બંદરના કારણે માલ પરિવહન ક્ષેત્રે રેલવેના વિકાસમાં કચ્છનો મહત્વનો હિસ્સો છે. ઉદ્યોગોને માલ પરિવહન માટે વધુ સારી અને ઓછી કિંમતે ઝડપભેર દેશના વિવિધ વિસ્તારોમાં માલ આસાનીથી પહોંચાડી શકાય તે માટે અબજો રૂપિયાના અનેક પ્રકલ્પ હાથ ઉપર લેવાયા છે. જેમાં જિલ્લાના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ અને જિલ્લા મથક ભુજ સહિત વિવિધ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગરની તર્જ ઉપર ભુજના રેલવે સ્ટેશનનું પુનઃનિર્માણ, ગાંધીધામ યાર્ડનું ૮૪ કરોડના ખર્ચે રિમોડલિંગ, નવા ગૂડઝ શેડ વિકસાવવા, સામખિયાળીથી ગાંધીધામ સુધી ચાર લાઈન, ભુજ માટે બીજી પીટ લાઈન અંજાર ખાતે ગૂડઝ શેડ બનાવવાનું આયોજન છે.

● લંડનમાં રહીને પ્રતિ વર્ષ કચ્છના દિવ્યાંગ બાળકોને મદદરૂપ બનવા પ્રયત્નશીલ એવા ફ્રેન્ડલી ઓફ કેરા સંસ્થાના સભ્ય ધનશ્યામ ધનજી નારદાણીનું ૬૪ વર્ષની વયે લંડનમાં અવસાન થયું. પોતાના વ્યવસાયમાંથી સમય કાઢી કચ્છના દિવ્યાંગ બાળકો માટે ચેરિટી ફંડ એકત્ર કરવા વિશ્વમાં મોટા કેન્દ્રોમાં મેરેથોન દોડમાં ભાગ લેતા હતા. જર્મન મેરેથોન, કિલિમાન્જારોપર્વત, મિડનાઈટ વોક સહિતના ચેરિટી આયોજનમાં ભાગ લીધો હતો. ધનશ્યામભાઈ નારદાણી છેલ્લા ૪૦ વર્ષથી દિવ્યાંગ બાળકોમાં મદદ માટે પ્રવૃત્ત રહ્યાં હતાં.

● ગ્લોબલ કચ્છ જળ ઝિંદાબાદ અભિયાન અંતર્ગત માટુંગામાં યોજાયેલ બેઠકમાં ગ્રામ વિકાસ અને વૃક્ષારોપણની પ્રવૃત્તિ માટે દાતાઓએ સારો ઉત્સાહ દર્શાવ્યો હતો. અગાઉના રૂ.બે કરોડ સહિત કુલ્લ રૂ. છ કરોડની રકમ જુદા જુદા દાતાઓએ લખાવી હતી. કચ્છના ગામડાઓના વિકાસ માટે ગ્લોબલ કચ્છ ચળવળે બીડું ઝડપ્યું છે. આ ચળવળ હેઠળ જળ સંચય, ગાંડા બાવળનો નાશ કરવો. ગોચર વિકાસ પીવાના પાણીની સુવિધા અને વૃક્ષારોપણ કરવાની કામગીરીનો સમાવેશ થાય છે. સદ્‌ભાવના ટ્રસ્ટ રાજકોટ કચ્છમાં વૃક્ષારોપણનું કાર્ય સંભાળશે. ગ્લોબલ મીટમાં જૈન, લોહાણા, ભાનુશાલી, બ્રાહ્મણ, કડવા પાટીદાર ગઢવી વિગેરે સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સંચાલન ધીરજ છેડા એકલવીર એ કર્યું હતું. સ્વાગત પ્રવચન ધીરજભાઈ રાંભિયા એ કર્યું હતું.

● ભુજ તાલુકાના પચ્છમ વિસ્તારમાં દુધાળા પશુઓમાં વિચિત્ર પ્રકારનો રોગચાળો ફેલાતા પશુ પાલકો ચિંતામાં મુકાયા છે. દુધાળા પશુઓને સારવાર મળે તે પહેલા મોતને ભેટી રહ્યાં છે. ફઝલવાંઢ, નાના દિનારા, ઢંઢી, મોટા પૈયા, સમરી વાંઢ, નવાવાસ અને રતડિયા વિગેરેના માલધારીઓની ગાય આ રોગચાળામાં મરણ પામેલ છે. તો નર માદા બકરા જીવ મોતના મુખમાં ધકેલાઈ રહ્યાં છે. નાના માલધારીઓ જેનો પશુઓ પર નિભાવ છે તેઓને ગુજરાત સરકાર સહાય ચુકવે તે માંગ આવેદન પાઠવીને નાના દિનારાના ઉપસરપંચ એ કરી છે.

● કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા અમલી બનાવાયેલી સરસ્વતી સાધના યોજના હેઠળ કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ૪૬૦૦થી વધુ કન્યાઓને સાઈકલનું વિતરણ કરવામાં આવ્યું છે. બક્ષી પંચ અને આર્થિક પછાત જાતિમાંથી આવતી કન્યાઓ અધવચ્ચે શિક્ષણ ન છોડે તે આશયથી રાજ્ય સરકારે આ યોજના અમલી બનાવ્યા બાદ કન્યાઓની નિયમિતતા વધી હોવા સાથે ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટ્યો હોવાનો દાવો જવાબદાર તંત્રવાહકો દ્વારા કરવામાં આવ્યો છે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

KDO દશાઓની નવી દિશા

અનેક લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી જયસિંહસૂરીશ્વરજી મ.સા.**



રાજસ્થાન દક્ષિણદીપક અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**



ગતવર્ષે **શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ, શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન (મુંબઈ), શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન (મુંબઈ), શ્રી અચલગચ્છ રાજસ્થાન સંઘ, શ્રી ગુર્જર અચલગચ્છ સમાજ**ના ઉપક્રમે **શ્રી માટુંગા ક.વિ.ઓ. મૂ. પૂ. જૈન સંઘ**ના સથવારે શ્રી નારાણજી શામજી વાડી મધ્યે **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ને વિ.સં. ૨૦૭૭ના ચૈ. સુદ ૭ થી ચૈ.સુ. ૧૫ દરમ્યાન નવાહિનકા મહોત્સવ યોજાયેલ શ્રી સુર્ધમા પાટોત્સવ દરમ્યાન અનેકગોત્ર પ્રતિબોધક પૂ. દાદા ગુરૂદેવની નવમ શતાબ્દિ નો મંગલજ્યોત પ્રગટાવી દ્વિવર્ષિય ઉજવણીનો પ્રારંભ કરાયેલ તથા ચૈ.સુ. ૧૧ના સાહિત્ય દિવાકર પૂજ્યશ્રીને અચલગચ્છાધિપતિની ૭૮મી પાટે ભવ્ય સમારોહપૂર્વક બિરાજમાન કરાયેલ. એક વર્ષ દરમ્યાન પૂજ્યશ્રીના વિજય સામ્રાજ્યે પ્રેરણા-આશીર્વાદોથી અનેકવિધ શાસન ગચ્છની ઉન્નતિના શાસન પ્રભાવક મંગલ કાર્યો થઈ રહેલ છે. ભૂરી ભૂરી અનુમોદના સહ પૂજ્યોના ચરણે અગણિત વંદનાવલી અર્પીએ છીએ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસરજી અને તેનાં સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદબંદર જૈન સંઘ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ, ઘાટકોપર**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, કાંજુરમાર્ગ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, વાશી**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, કુમઠા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, વાલગિરી**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, આરીખાણા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, રાણપર**


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA